## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

જાતિ-ધર્મમાં, બેઠકોના ભાગ પાડી નાખો!
ને કરી નાખો ટકાવારી નક્કી લાગ પાડી નાખો!
આગ લગાડી નાખો રાષ્ટ્રીય એકતાના પાયામાં -
કોમવાદી નમાઝથી સત્તાની બાંગ પાડી નાખો -
(મત વિસ્તારમાં ફેરફાર)

**હાઈકુ**

એવો રોબોટ,
ખપે છે રાષ્ટ્રપતિ -
ચાલે ચાંપ'થી..
(પક્ષોનું ચિંતન શરૂ)

મનપા બાળ,
ઉઠાઉગીર ગેંગ
મંગાવે ભી..
(ગ્રાંટનો કારસો)

## ચિંતન

**ખદ્યોતો દ્યોતતે તાવદ્યાવન્નો દયતે શશી ।**
**ઉદિતે તુ સહસ્રાંસૌ ન ખદ્યોતો ન ચંદ્રમાઃ ॥**

જયાં સુધી ચંદ્રનો ઉદય થયો હોતો નથી ત્યાં સુધી આગિયો ચમકે છે પરંતુ જયારે સૂર્યનો ઉદય થાય છે ત્યાર પછી તો નથી દેખાતો આગિયો કે નથી રહેતો ચંદ્રમા અર્થાત બંને ઝંખવાણા પડી જાય છે.

રાજા નબળો હોય તો પ્રધાનો-જાગીરદારોનો રોફ દાદાગીરી વધી જાય છે, અન્ય સત્તાધીશો પણ જુલ્મી અને સરમુખત્યાર જેવા થઇ જાય છે. નાના માણસો પણ જાણે મોટા સત્તાધીશ હોય એમ રૂઆબથી વર્તન કરવા લાગે, લોભ-લાંચ-કૌભાંડ-ખાયકી વધી જાય છે.

પરંતુ જો રાજા જાતે જ કાયદા-કાનૂનનો અમલ કરાવનાર હોય, ન્યાયી અને નિષ્ઠાવાન હોય ખાય નહીં ખાવા દે નહીં, એવો હોય ત્યારે પ્રજા આપોઆપ નમ્ર-આજ્ઞાંકિત અને સંનિષ્ઠ-નિયમ પાલન કરનારી થઇ જાય છે. ઇંદિરા ગાંધી એક 'સ્ત્રી' વડાપ્રધાન હતા પણ કટોકટી લાદી, નિષ્ઠા અને પ્રામાણિકતાનો દાબ બેસાડી દીધો ત્યારે તમામ વાહનો પર નિષ્ઠા-પ્રામાણિકતા-સમયપાલનના સૂત્રો આપોઆપ લખાઇ ગયાં અને કચેરીઓમાં કટોકટીની ધાક બેસી ગઇ, લાંચ-રૂશ્વત, કૌભાંડો-અદ્રશ્ય થઇ ગયા.

અહીં સૂર્ય જેવી બળવાન શક્તિ પ્રગટ થતાં ચંદ્ર-આગિયા ઝાંખા પડી જાય છે, એ દ્રષ્ટાંત દ્વારા આ વાત સમજાવવામાં આવી છે.

અત્યારે આગિયા જેવા અધિકારીઓ અને પ્રધાનો ચમકે છે કારણ કે સૂર્ય નિસ્તેજ છે.

## સુવિચાર

- આપણને માનવ જન્મ એટલા માટે મળ્યો છે કે આપણા હૃદયમાં જે ઇશ્વર છે તેનો સાક્ષાત્કાર કરી શકીએ - **ગાંધીજી**
- ગમે તેવા ભયંકર રોગની દવા છે, પણ જડતાની કોઇ દવા-ઇલાજ નથી **-કૈસ-બીન-ઇલખતીમ**
- તારી પાસે મજબૂત હૃદય અને મજબૂત હાથ છે, તારી જરૂરિયાત તું જાતે જ પૂરી કરી શકે તેમ છે - **લોંગ ફેલો**
- માણસ જયારે વાસનાથી વિરક્ત થઇ જાય ત્યારે સમજવું કે તે હવે જાગૃત થયો છે- **તુલસીદાસ**
- ફક્ત જ્ઞાનીને માટે જ જિંદગી એક ઉત્સવ છે - **એમર્સન**
- જે જાતે તંગ પરિસ્થિતિમાં હોવા છતાં બીજાની જરૂરિયાત પહેલી કરે છે તે જ સાચો મુસલમાન છે - **કુરાન**
- લાંબી જીભ એટલે જીંદગી ટૂંકી - **શેખ સાદી**

## બોધકથા

જીવનમાં નાના નાના પણ મહત્ત્વના સદ્ગુણ કેળવવા જરૂરી છે, કોઇની કલા-સર્જનાત્મકતા-ગુણ-કૌશલ્ય-આવડતની કદર કરી તેને પ્રશંસાના બે શબ્દ કહેવાથી તમારું સ્થાન એના હૃદયમાં ચિરંજીવ થઇ જાય છે. આપણે કોઇની પ્રશંસા તો નથી કરી શકતા પણ આલોચના કરતાં પણ નથી આવડતું, વિવેકપૂર્ણ-સમજાવટથી વિવેચના કરી શકાય.

સિકંદર પાસે એક સુંદર ઘોડો હતો. તંદુરસ્ત સદાય ચાનકમાં રહેનારો. સફેદ ઘોડો હતો. સિકંદરને ખૂબ ગમતો. તેણે એક શિલ્પીને બોલાવ્યો અને કહ્યું મને અદલ મારા અશ્વ જેવું જ એક સુંદર શિલ્પ બનાવી આપ. શિલ્પી પણ ઊંચો કલાકાર હતો. રાત-દિવસ મહેનત કરી આરસનો અલમસ્ત અદલ એવો ને એવો જ ઘોડાનું શિલ્પ તૈયાર કર્યું.

સિકંદરને બોલવવામાં આવ્યો. એણે શિલ્પ જોયું પણ ચહેરા પર આનંદની એક પણ રેખા ન ઉપસી ઉલ્ટું હોઠ અને નાક વાંકા-ચૂંકા થવા લાગ્યાં, અંતે માથું હલાવી કહી દીધું, શિલ્પ દેખાવે સારું છે પણ અદ્દલ મારા ઘોડા જેવું દેખાતું નથી.

શિલ્પીએ કહ્યું, હજૂર એક વિનંતી કરું? આપના અશ્વને અહીં-આની સામે લાવો!

અશ્વને શિલ્પશાળામાં લાવવામાં આવ્યો. શિલ્પ જોઇને અશ્વ હણહણાટ કરવા લાગ્યો અને ઉડવા માટે શિલ્પની જેમ પગ પછાડવા લાગ્યો.. મારો ઘોડો સિકંદરને આશ્ચર્ય થયું. શિલ્પીને પૂછ્યું, આમ કેમ કરે છે? શિલ્પી કહે - હજૂર, આપનો ઘોડો, આપના કરતાં પણ વધારે કલાની પરખ ધરાવે છે!!

સિકંદર શરમાઇ ગયો.

# જેમ વહેતી નદીનાં નીર નિર્મળ રહે છે તેમ વહેતા જીવનમાં તાજગી હોય છે, અલબત્ત તેવું જીવન જીવવું સહેલું કામ નથી

### હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

આપણું જીવન આપણા શરીર અને મન દ્વારા અનુભવાય છે, પ્રથમ આપણે આપણા શરીર સામે જોઈએ. કોઈનું શરીર ખૂબ જાડું, તો કોઈનું અતિ દૂબળું છે. સપ્રમાણ શરીર તો ભાગ્યે જ કોઈનું હોય છે. આપણા શરીરનાં સામાન્ય લક્ષણો મોટે ભાગે આવાં હોય છે. ઢીલૂંઢસ, ફાંદાળુ, ટટ્ટાર બેસી ન શકે, બેડોળ, થોડુંક કામ કરતાં થાકી જાય. ગેસ. અપચો, કબજિયાત, શરદી, ખોરકા પર અરૂચિ કે પછી ખાઉધરાપણું, એસિડીટી, બ્લડપ્રેશર, ડાયાબિટીસ, હૃદયરોગ, લકવો, કેન્સર, અનિદ્રા કે પછી અતિનિદ્રા, વ્યસનો, આળસ, સ્ફૂર્તિનો અભાવ વગેરે આપણા શરીરનાં લક્ષણો છે. અલબત્ત વ્યક્તિદીઠ, ઉંમરદીઠ તેમાં કેટલાક તફાવતો હોય છે, પણ તે તફાવતો નજીવા હોય છે.

આપણા મનની હાલત તપાસતાં ચિંતા, દુઃખ, ક્રોધ, કદીય ન સંતોષાય તેવી ઈચ્છાઓ, લોભ, ઈર્ષા, અશાંતિ, અનિદ્રા, સ્વાર્થ, વહેમ વગેરે ભરપૂર જોવા મળે છે. કયારેક જ શાંતિ, સુખ, આનંદ, સંતોષ, પ્રેમ, માયાળુતા, કરૂણા, સહિષ્ણુતા, સંવાદ, વૈજ્ઞાનિકતા વગેરે માલૂમ પડે છે. મોટે ભાગે તો આપણે ઉચાટમાં જ જીવન મુસાફરી કરતા હોઈએ છીએ. જે. કૃષ્ણમૂર્તિનાં શબ્દોમાં, આપણે બાહ્ય રીતે ખૂબ નમ્ર, સંસ્કારી છીએ, પણ જેનાથી મોટા ભાગના લોકો અજ્ઞાન છે, તેવા મનનાં ઊંડાણમાં વિશાળ અને જટિલ સંઘર્ષ, દુઃખ અને ભયનો મોટો વારસો પડેલો છે. આપણે મનુષ્યો લાખ્ખો વર્ષોથી જેવા છીએ તેવા જ છીએ. લોભી, ઈર્ષાળુ, આક્રમક, ચિંતાતુર અને હતાશ પણ સાથે સાથે આપણા જીવનમાં અવારનવાર આનંદ અને પ્રેમના ચમકારા પણ આવી જાય છે. આપણે ધિક્કાર ભય અને નમ્રતાનું વિચિત્ર મિશ્રણ છીએ. આપણે હિંસા અને શાંતિ, બંને છીએ, બળદગાડાથી જેટ વિમાન સુધીની આપણે બાહ્ય પ્રગતિ સાધી છે. પણ મનોભૂમિકાએ મનુષ્ય જયારે બદલાયો નથી. આપણી અંદર મનુષ્યનો આખો ઈતિહાસ લખાયેલો પડ્યો છે.

આપણને ખરેખર જીવન જીવતાં આવડે છે ખરું? તેનો ઉત્તર જગતના કેટલાક મહાન વિચારકોએ જે આપેલો છે તે આ પ્રમાણે છે. જે. કૃષ્ણમૂર્તિ કહે છે કે 'સુંદર ઘર કેમ બાંધવું એ આપણને આવડે છે. પણ તે ઘરમાં સુખરૂપે કેમ જીવવું તે જ આવડતું નથી.' તો બર્ટ્રાન્ડ રસેલ કહે છે, વિજ્ઞાનની શોધ વડે માણસ પંખીની માફક આકાશમાં ઊડી શકે છે, માછલીની જેમ ઊંડા જળમાં જઈ શકે છે, પણ માનવી તરીકે પૃથ્વી પર કેમ જીવવું એ જ તેને આવડતું નથી. ડૉ. ગાઉલ્ડ લખે છે કે, 'માનવીનું સરેરાશ આયુષ્ય વધ્યું છે તે સાચું, પણ જેને તમે જીવતો જુઓ છો તે અંદરથી કેટલો બધો મરી ગયો છે તેનું માપ કદી કાઢ્યું છે?' એલેકસીસ કેરલ કહે છે કે, 'મોટી વાત તમારા જીવનમાં વરસો ઉમેરવાની નથી, પણ તમારાં વરસોમાં જીવન ઉમેરવાની છે.'

જીવન અબઘડી છે. જીવન જીવવાનું તમે મુલતવી રાખી શકો નહીં. જીવન એ યાત્રા છે. એનો કોઈ મુકામ નથી. જીવન એટલે સતત શીખવાની અવસ્થા. જેને જોવાનું, શીખવાનું બાકી છે તેને જીવનમાં આનંદ છે. જગત સતત બદલાય છે તેની અંતિમ ક્ષણ સુધી વાસી ન બને તે જીવન છે. જીવન વિશે ખલિલ જિબ્રાન કહે છે કે 'જીવનનો અર્થ માત્ર ગતિ નથી, પરંતુ નિશ્ચિત ધ્યેય સાથેની ગતિ જીવન છે. અર્થ વિનાની દોડ મનુષ્યને પ્રાણી કે વધુમાં વધુ પંખી જેવા બનાવ શકે. પણ અર્થસભર ગતિ એને એક મહાન યાત્રિક, એક પરિપૂર્ણ મનુષ્ય બનાવે છે, જે. કૃષ્ણમૂર્તિ કહે છે કે 'જીવન એ સતત વહેતી સરિતા છે જીવનનો પડકાર સદૈવ અભિનવ અભિગમ માર્ગ છે. જીવન એ અજ્ઞાતની યાત્રા છે... ખુલ્લાપણું જીવન છે અને બંધિયારપણું મૃત્યુ છે.'

કુદરતમાં સદા ફેરફારો થયા કરે છે. આપણી આજુબાજુનાં માનવીઓ તથા માનવોએ સર્જેલા સંજોગો સતત બદલાયા કરે છે. અને ખુદ આપણે પણ શારીરિક તથા માનસિક રીતે હંમેશાં પરિવર્તન પામીએ છીએ. પરિણામે જીવન એ કોઈ સીધા, સાફ રસ્તા જેવું નથી, જેમાં કોઈ જ ખાંચાખૂંચી ન હોય, જયાં કોઈની અવરજવર ન હોય અને જેના પર સફર કરનાર પોતે પણ સદા યશાવત્ રહેતા હોય. જીવન એ કોઈ નિશ્ચિત ફ્રેમમાં મઢી શકાય એવું ચિત્ર નથી.

જો જીવન એકધારું, યંત્રવત્, સ્થગિત હોય તો જીવવાની મઝા પણ શું આવે? તો તો એક મિનિટ જીવો, એક દિવસ જીવો, એક વર્ષ જીવો, એક દાયકો કે એક આખી સદી જીવો, બધઉં જ સરખું લાગે ને? એક મિનિટમાં જે અનુભવ થયો તેનું પછી ફક્ત પુનરાવર્તન જ થયા કરે. તેથી વહેલાં કે મોડાં સૌને આવા કંટાળાજનક જીવનથી તંગ આવી જઈને આત્મહત્યા જ કરવાનું મન થાય ને?

એટલે જ તો એક સરખી પ્રવૃત્તિઓના દબાણ નીચે જીવનારા, ઘરની દીવાલો બહાર નીકળી ન શકનારા, જેલના અંધારા ઓરડામાં વર્ષો વિતાવનારા જીવનમાં કોઈ જ નવીનતાના અને તેથી આનંદનો અનુભવ કરી શકતા નથી. તેમના માટે જીવન લગભગ મૃત્યુ સમાન જ હોય છે.

જેમ વહેતી નદીનાં નીર નિર્મળ રહે છે તેમ વહેતા જીવનમાં તાજગી હોય છે. અલબત્ત તેવું જીવન જીવવું સહેલું કામ નથી.

# જીવનસંગ્રામમાં સફળતા હાંસલ કરવા માટેનાં બે સબળ શસ્ત્રોનાં નામ છે ઉત્સાહ અને એકાગ્રતા

### ઉત્સાહના ઝરણાનો થનગનાટ...

- હર્ષદ પ્ર. શાહ

કેટલાક મનુષ્યોનું જીવન ઉત્સાહથી ભરપૂર હોય છે, કેટલાકનું આહથી. ઉત્સાહ એક ઝરણું છે... નાચતું, ગાતું, ઊછળતું, કૂદતું... એના થનગનાટમાં દુઃખનાં પહાડ પીગળી જાય છે, નિરાશાના સૂર ઓગળી જાય છે. ઉત્સાહના ઝરણામાંથી જીવનનું સંગીત નિષ્પન્ન થાય છે. ઉત્સાહના ઝરણાને કિનારે જ જીવનનું સત્ય અને સત્ત્વ વસે છે.

ઉત્સાહ કાર્યનો પ્રાણ છે અને કાર્ય જીવનનો આધાર છે. ઉત્સાહહીનતાથી કોઈ પણ કાર્ય થઈ શકતું નથી. ઉત્સાહ ન હોય તો માનસિક શક્તિઓ પણ સમગ્રપણે સાથ નથી આપતી. મન કયાંક લાગેલું હોય અને હાથ કયાંક બીજે કામ કરતાં હોય. ઉત્સાહ વિના શરીરમાં અંગોમાં પરસ્પર સુમેળ નથી રહેતો. આપસમાં યુધ્ધ થાય છે. કોઈ કાર્ય સમયસર નથી થતું. એક કલાકમાં કલાકો વીતી જાય છે. કામમાં આનંદ આવતો નથી. અને કામ બગડે છે. આ આપણો બધાનો અનુભવ છે ઉત્સાહ આગ છે, કાર્ય એન્જિન. કાર્યોનું એન્જિન ચલાવવા માટે ઉત્સાહની આગમાંથી વરાળ પેદા થાય છે. ઉત્સાહ આગ પણ છે ને ઝરણું પણ છે.

આજકાલ મેનેજમેન્ટના શાસ્ત્રમાં એક શબ્દ છે MOTIVATION અર્થાત્ ઉત્સાહ. જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં, કારખાનાંઓમાં, બેંકોમાં, કાર્યાલયોમાં, સરકારી કચેરીઓમાં, કર્મચારીઓનો - કાર્યકર્તાઓનો ઉત્સાહ વધે એ માટે પ્રશિક્ષણ અપાય છે. કરોડોનું આંધણ થાય છે. પણ ઉત્સાહ વર્તાતો નથી. ઉત્સાહનો અભાવ અનેકોમાં ચિંતા ઉપજાવે છે. ઉત્સાહ તો સ્વયંભૂ હોય છે, સ્વપ્રકાશિત સૂર્ય જેવો. બહુ થોડા માનવીમાં આવો ઉત્સાહ હોય છે. એની પાછળ પ્રેરણાનું કોઈ ઉજ્જવળ બિન્દુ કારણભૂત હોય છે.

સ્વામી વિવેકાનંદ ઉત્સાહનું ઝરણું જ નહીં. ધસમસતો પ્રવાહ હતા. એમની પ્રેરણાનું બિન્દુ હતું... 'ભારતમાતા'. પ્રેરણાના એ જ બળે વિશ્વપ્રસિધ્ધ શિકાગો વ્યાખ્યાન સજર્યું. નેપોલિયનના અસંખ્ય વિજયોનું કારણ હતું ઉત્સાહ. એનો પોતાનો અને એની સેનાનો! તેની સેના એનો સાથ એટલો તો ઉત્સાહથી આપતી કે તે કયારેય નિષ્ફળ જતો નહીં. નેપોલિયનની પ્રેરણાનું બિન્દુ હતું... 'વિજિગિષા' - વિજયની વૃત્તિ. ઈતિહાસમાં આવી બધી સફળતાઓનું કેન્દ્રબિંદુ ઉત્સાહ બની રહ્યોછે અને પ્રેરણા એનો પરિઘ બની રહી છે.

જીવનસંગ્રામમાં સફળતા હાંસલ કરવા માટેનાં બે સબળ શસ્ત્રોનાં નામ છે ઉત્સાહ અને એકાગ્રતા. ઉત્સાહ અને સ્વયંસ્ફૂર્તિ ધરાવનાર મનુષ્ય કયારેય નિરાશ કે નિષ્ફળ થતો નથી. ઉત્સાહ મનુષ્યની ચિરંતન તાકાત છે. કોઈ પણ ઉંમરનો માનવી જો ઉત્સાહની મૂડીનો માલિક હોય તો અસાધારણ કામો કરી શકે છે. ઉત્સાહને અને થાકને બાર ગાઉનું છેટું છે.

મહાત્મા સૉક્રેટિસ સિત્તેર વર્ષની ઉંમરે પોતાના અત્યંત મહત્વપૂર્ણ તત્વદર્શનની વિશદ વ્યાખ્યા કરવામાં પડ્યા હતા. તેઓ ઉત્સાહના બળથી ૮૦ વર્ષની ઉંમર સુધી સખત મહેનત કરતા રહ્યા. એકયાસીમા વર્ષે હાથમાં કલમ પકડીને તેઓ મૃત્યુને ભેટ્યા. સિસેરાએ પોતાના મૃત્યુના એક વર્ષ પહેલાં ત્રેસઠ વર્ષની ઉંમરે પોતાનું મહત્ત્વનું પુસ્તક 'ટ્રીટીઝ ઑન ઑલ્ડ એજ' લખ્યું. કીરો એંસી વર્ષની ઉંમરે ગ્રીક ભાષા શીખ્યો હતો. મહાત્મા ટૉલ્યટૉય એંસી વર્ષની અવસ્થા પછી એટલી ચુસ્તી, ઊંડાણ અને પ્રભાવપૂર્વક લખત રહ્યા કે તેમની બરાબરી આધુનિક યુરોપના કોઈ પણ લેખકથી થઈ શકે નહીં. વિક્ટર હ્યુગો ત્યાંસી વર્ષની ઉંમરે મૃત્યુપર્યંત લખતા રહ્યા. તેમની અદ્ભૂત શક્તિ અને તાજગી પર વૃધ્ધાવસ્થાની કોઈ અસર ન હતી.

(અનુસંધાન પાના નં. ૭ પર)


# દંતકથાના દેવ ને પૌરાણિક સંદર્ભો અને ઐતિહાસિક હકીકતોના સમન્વયની માનવરૂપે આલેખતી રસપ્રદ નવલકથા

### શબ્દ સમીપે

- નટવર હેડાઉ

શિવ! દેવોના દેવ, મહાદેવ, આસુરી તત્ત્વોના સંહારક, ઉત્કટ પ્રેમી, પ્રખર યૌધ્ધા, અદ્ભૂત નર્તક, મહાન નેતા, સર્વશક્તિમાન અને તોય નિરાહંકારી, નિષ્કપટ, હાજર જવાબી, પણ રૂઢે ત્યારે ત્રણ ભુવન ધ્રુજાવે એવો કોપ.

શિવ શૈલ્ય સ્વરૂપ 'મેલુહા' માં શિવની ભવ્યાતિભવ્ય કલ્પનાનું સર્જન કરવામાં આવ્યું છે. અહીં શાતાગારથી મહાદેવ સુધીની સફર વાચકને માટે આનંદનો અવસર બની જાય છે. વાર્તાનો પ્રવાહ વાચકને છેક સુધી જકડી રાખે તેવો એકધારો વહે છે. આધુનિક શૈલીમાં લખાયેલી આ પૌરાણિક નવલકથા વાચકના દિમાગમાં અગાઉથી જ જિજ્ઞાસા જન્માવે છે. અને વાર્તા પુરી ન થાય ત્યાં સુધી વાંચતા રહેવાની ફરજ પાડે છે. આ વાર્તામાં લેખકે પૌરાણિક વાતને સમકાલીન સંદર્ભમાં રજૂ કરી આજના વાસ્તવિકત અને પારિવારિક પ્રશ્નોને વાચા આપી છે. તે સાથે પુરાણોને ઈતિહાસના ચશ્માંમાંથી જોવાની નવી દૃષ્ટિ આપે છે.




'મેલુહા' ભગવાન શિવ અને તેમની માયાવી જિંદગીનું ઉત્તેજના ભર્યું સુંદર સર્જન છે, એનાં દિલધડક લડાઈઓથી માંડીને હૃદયસ્પર્શી પ્રણયકથાઓ વગેરે જેવી અનેક પ્રકારની લાગણીઓ અને સૂર ને સુંદર રીતે વણી લીધા છે. અહીં સિંધુ ખીણના શહેરો અચાનક જીવંત થઈ ઉઠે છે અને પૌરાણિક ઘટનાઓ એક સાહસ કથાનું રૂપ ધરે છે. ત્યારે વાચક એક માનવ અને મહામાનવ વચ્ચેની પાતળી ભેદ રેખા જોઈને દિગ્મુઢ બને છે. કારણ કે જીવનમાં દરેક મનુષ્ય જન્મ નહીં, પણ કર્મથી ઊંચાઈ હાંસલ કરે છે. દરેકે દરેક વ્યક્તિમાં ભગવાન બનવાનું સામર્થ્ય સમાયું છે. એમાંથી કંઈ અશક્ય નથી. આપણે તો માત્ર અંદરથી આવતો આત્માનો અવાજ સાંભળવાનો છે.

'મેલુહા' એ દંતકથાએ જેને ઈશ્વર બનાવી દીધો એવા માણસની કથા છે. સેંકડો વર્ષોમાં આપણે ત્યાં વ્યાપારી આક્રમણકાર, વિજેતા વિગેરે જાત જાતનાં રૂપમાં વિદેશીઓનું આગમન થતું રહ્યું છે. પણ એમાંથી કોઈ માનવા તૈયાર નહોતું કે શિવ જેવો મહાપુરૂષ ખરેખર આ ધરતીપર જન્મ લઈ શકે. એ લોકોએ તો કહી દીધું કે આ માત્ર દંતકથાના દેવ છે. અને એનું અસ્તિત્વ માત્ર માણસોના કાલ્પનિક વિશ્વમાં છે. પણ ધારી લો કે, શિવ કોઈ કાલ્પનિક કથાનું પાત્ર નહીં પણ મારી તમારી જેમ લોહી માંસમાંથી બનેલી જીવતી જાગતી વ્યક્તિ હોય તો?

ઈ. સ. પૂર્વે ૧૯૦૦ આધુનિક ભારતીયો જેને ભૂલથી સિંધુ ખીણની સંસ્કૃતિ ગણાવે છે એ સમયખંડની આ વાત છે. ત્યારના લોકો એને મેલુહાની ભૂમિ તરિકે ઓળખતા. મેલુહાનું સામ્રાજય એટલે જાણે પૃથ્વી પરનું સ્વર્ગ. જેની સ્થાપના સેંકડો વર્ષ અગાઉ મહાન રાજા રામે કરેલી. આ ઉન્નત સામ્રાજય અને તેના સુર્યવંશી શાસકો સામે ગંભીર સંકટ આવી પડે છે. તેમની પૂજનીય મુખ્ય નદી સરસ્વતી ધીમે ધીમે સુકાઈ રહી છે. પૂર્વ તરફથી ચંદ્રવંશીઓ ભયાનક અને વિનાશક હુમલા કરી રહ્યા છે.

આટલું ઓછું હોય તેમ, બેડોળ અને શાપિત છતાં યુધ્ધ-નિષ્ણાંત નાગ પ્રજા સાથે ચંદ્રવંશીઓ એ હાથ મિલાવ્યા છે. આ સંજોગોમાં સૂર્યવંશીઓ પાસે એક જ આશા બચી છે. એવી એક પ્રાચીન માન્યતા છે કે, 'જયારે જયારે અધર્મ ચારેકોર છવાઈ જાય, વિજયની કોઈ આશા ન જણાય, શત્રુ હવે જીતી ન ગયો એવું લાગે ત્યારે એક તારણહાર ઉભરી આવે છે.'

અહીંથી જ આ કથાનો પ્રારંભ થાય છે. જેના પ્રથમ પ્રકરણનું શિર્ષક છે. 'એ આવી ગયા... તે પછી નિર્મળ જીવનની ભૂમિ અને શિવના જીવનમાં સતિનો પ્રવેશ, દેવોની નગરી, બ્રહ્માના માનસપુત્રો, વિકર્મ- કમ ભાગ્યના વાદક, ભગવાન રામનું અધુરુ કાર્ય અને દેવોનું અમૃત પ્રકરણોમાં કથા રસપ્રદ રીતે આગળ વધતી જાય છે. પ્રેમ અને એના પરિણામો, નાગનું પુનરાગમ, નીલકંઠનું પ્રાગટ્ય, મેલુહાની યાત્રા વાચકને પૌરાણિક પાત્રો સાથે ઐતિહાસિક સ્થળો અને આધુનિક સમાજના પ્રશ્નો અને કયાંક સમાજ જીવનના પાસાંઓનો સંદર્ભ પુરો પાડે છે, તો વળી મોહે-જો-દરોના પંડિત, અગ્નિ પરિક્ષા, સૂર્ય અને પૃથ્વી, કુંજની લડાઈ, સતિ અને અગ્નિબાણ, પ્રેમનો વિજય, મંદાર પર આક્રમણ, યુધ્ધની તૈયારી, દુષ્ટોનું સામ્રાજય, ધર્મયુધ્ધ દ્વારા સ્તબ્ધ કરી લેતો ઘટસ્ફોટ, તેમાં સ્વનો એક દ્વીપ, સાથે મહાપ્રશ્ન પ્રકરણ દ્વારા શિવકથાની આ કથાત્રણી પૈકીની એક કથા પુરી થાય છે ત્યારે વાંચકને માટે કેટલાક પ્રશ્નો પણ બાકી રહી જાય છે. જેના જવાબો પામવા માટે મેલુહાની આ કથા વાંચવી જ રહી. જેમ કે -

- તિબેટથી આવેલો બચ્છટ શરીર પર ઠેર ઠેર જળમો ધરાવતી શિવ જ ખરેખર મહાનાયક છે?'

(અનુસંધાન પાના નં. ૭ પર)

# દેવું અને સંધ્યા શહેરના બગીચામાં ગયા, એકાંતમાં એક જગ્યાએ પુષ્પ વાટિકામાં જઇને બંને બેઠા, સંધ્યા ઉદાસ થઇ ગયેલી તેણી આંસુ સારવા લાગી

### પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૧૯)

- જયંતીલાલ મકવાણા

**(ગતાંકથી આગળ...)**

'દેવા, પણ અત્યારે તાત્કાલિક રૂપિયા કાઢવા કયાંથી?' સંધ્યા હું બેઠો છું, તમારી ચિંતા દૂર થઈ જશે.' પછી સંધ્યાના પપ્પા સામે જોઈને દેવાએ કહ્યું, 'માસા, જેવા વડીલ આમ ઢીલા થઈ જાય તો સંધ્યા તો હતાશ થઈ જ જાય ને! રડવું એ કાંઈ ઉપાય નથી પરંતુ આમાંથી કઈ રીતે ઉગરવું એનો રસ્તો કાઢવો જોઈએ. દુઃખના દિવસો કાયમ ટકતા નથી. સુખ દુઃખ તો કર્મમાં લખાઈને જ આવ્યા છીએ એટલે આવા સમયે ધીરજ ધરવી જોઈએ. મને આ વિશે થોડું વિચારવા દો. મકાન માલિકને શું તકલીફ છે. માત્ર ભાડા માટે મકાન ખાલી કરાવતા હોય તો તેમને ભાડુ આપી દઈશું પછી શું? દેવાએ કહ્યું.'

'દેવાભાઈ, મકાન માલિકને તો માત્ર ભાડાનો જ વાંધો છે.'

'સારું માસા મારાથી બને એટલી તમને હું સહાય કરીશ.' દેવાએ ધીરજ આપતા કહ્યું ને પછી આગળ વાત કરતા કહ્યું.

'માસા, જે હકીકત હોય તે જણાવી દો, વાત શું છે.' દેવાએ કહ્યું.

'દેવાભાઈ, બીમારીને કારણે પાંચ માસનું ભાડું આપી શકેલ નથી એટલે મકાન માલિક ઉઘરાણીએ આવી દાટી દઈ જાય છે.'

'કાંઈ વાંધો નહિ. એટલે પાંચ મહિનાનું ભાડું કેટલા રૂપિયા આપવાના થાય છે.' દેવાએ કહ્યું.

'પાંચ માસના દશ હજાર રૂપિયા થાય છે.' ઉદાસ થતાં સંધ્યાના મમ્મીએ કહ્યું.

'માસા હવે મકાનના ભાડાની ચિંતા તમે છોડી દો એ બધું થઈ પડશે.'

'બેટા, ચિંતા તો કરવી જ પડે ને મકાન માલિકને તો કોઈ ને કોઈ આપણાથી વધારે ભાડું આપવાવાળા તો ઘણા લોકો મળે છે. પણ અમારી ગરીબાઈ જોઈને તે મકાન ખાલી કરાવતા નથી.' સંધ્યાના પપ્પાએ કહ્યું.

દેવાને અચાનક યાદ આવતાં કહ્યું, 'સંધ્યા તને પેઢીમાંથી આર્થિક સહાય મળે છે તેનું શું થયું.'

'પેઢીના મેનેજરે કહેલ કે કોઈ દાનવીર મળશે અને તમારી સહાય મંજૂર થશે એટલે સહાય મળવી શરૂ થઈ જશે.'

તો પછી તપાસ તો કર.

'હા બેટા, દેવાભાઈની વાત સાચી છે, તને મળતી સહાય માટે તારે પેઢીયે જઈ તપાસ તો કરવી જોઈએ ને!'

'સારુ દેવા, આજે હું ત્યાં જઈ આવીશ.'

'ના માસી, મેં તો જમવાનું બંધાવેલ છે.'

'ભલે જમવાનું બંધાવેલ હોય પણ આજે તો અહિં જ જમવાનું છે.' સંધ્યાના મમ્મીએ આગ્રહ કરતાં કહ્યું. દેવા, તું થોડો સમય બેસ. હું અને મમ્મી જમવાનું બનાવી દઈએ એમ કહેતા સંધ્યા રસોડામાં ગઈ એટલે સંધ્યાના મમ્મીએ કહ્યું. 'સંધ્યા, દેવુ આપણા ઘેર પહેલી વખત આવ્યો છતાં કેટલો નમ્ર અને ઉદાર છે. તેના આવવાથી, તેની હિંમતથી આપણું દુઃખ હળવું થઈ ગયું.'

'મમ્મી, મને લાગતું કે કદાચ દેવો આપણા ઘેર આવે તો તમને નહિ ગમે?'

'અરે બેટા, તું આવું કેમ બોલે છે આવા સારા મિત્રો તો ભાગ્યશાળીને જ મળે!' રસોઈ બનાવતાં બનાવતાં સંધ્યાના મમ્મીએ કહ્યું.

રસોઈ તૈયાર થઈ જતાં સંધ્યાએ કહ્યું, 'મમ્મી, હવે જમવા બેસી જઈએ?'

હા, સંધ્યા તું બે થાળી તૈયાર કર, દેવાને માટે પાથરણું પાથરતાં પાથરતાં સંધ્યાના મમ્મીએ કહ્યું, 'દેવાભાઈ, ચાલો તમે અને સંધ્યા જમવા બેસી જાવ.'

દેવું અને સંધ્યા જમવા બેઠા. સંધ્યાના મમ્મીએ પ્રેમથી જમાડતાં દેવાના હૈયા હરખ સમાયો નહિ તે ખુશ થઈ ગયો. બંનેએ જમી લીધા બાદ સંધ્યાએ કહ્યું, 'મમ્મી, હું અને દેવું ફૉર્મ ભરવા જઈએ છીએ.'

'સારું બેટા, નોકરી માટે ફૉર્મ ભરતા આવો.'

દેવું અને સંધ્યા શહેરના બગીચામાં ગયા. એકાંતમાં એક જગ્યાએ પુષ્પ વાટિકામાં જઈને બંને બેઠા. સંધ્યા ઉદાસ થઈ ગયેલી તેણી આંસુ સારવા લાગી. આથી સંધ્યાના હાથમાં તેનો હાથ મુકતા કહ્યું. 'સંધ્યા, તને મારામાં વિશ્વાસ છે કે નહિ? તારા કુટુંબને હું દુઃખી નહિ થવા દઉં.'

દેવાના હાથનો સ્પર્શ થતાં સંધ્યાના રૂંવાડાં ખડા થઈ ગયા. તેની આંખોમાં આંસુ આવી ગયા. તેના હૃદયની ધડકન વધી ગઈ. ને દેવાના હાથ પર હાથ મુક્તા બોલી ઉઠી. 'દેવા... દેવા...' બોલતાં દેવાના ખોળામાં માથું નાખી રડી પડી. આથી દેવાએ કહ્યું, 'સંધ્યા તું શા માટે રડે છે. આ જગતમાં જે ડરે એને લોકો વધારે ડરાવે સમજી! માટે, તું શાંત થા. તું તો હોંશિયાર છે. કાલ સવારે તને નોકરી મળી જશે! એટલે દુઃખનાં દિવસો દૂર થઈ જશે! દુઃખ કાયમ ટકતું નથી.' દેવાએ હિંમત આપતા કહ્યું.

દેવાની ધીરજથી સંધ્યામાં હિંમત આવી ગઈ ને ઊભી થઈ મોઢું, ધોઈ દેવાને કહ્યું, 'આપણે પહેલાં નોકરીનું ફૉર્મ ભરી દઈએ.'

'સંધ્યા, તું ફોર્મ ભરવા માટેની વિગત બરાબર જોઈજા ત્યાં સુધીમાં હું થોડું કામ પતાવી પંદરેક મિનિટમાં આવું છું.'

'હા, પણ જલ્દી આવશે આ બગીચામાં મને એકલા નહિ ગમે.'

'હા...હા... જલ્દી પાછો આવું જ છું.' બગીચામાંથી બહાર નીકળતા દેવો વિચારે ચઢી ગયો કે સંધ્યાના મા-બાપ દુઃખી છે. એના માટે પૈસાની વ્યવસ્થા કરવી પડશે! આથી તે તેના અંગત સંબંધીને જરૂરી કામે મળવા ગયો. અડધો કલાક ચર્ચા કરી સંધ્યા પાસે પહોંળી ગયો. સંધ્યાના હાથમાં આઈસ્ક્રીમની ડબ્બી આપતાં કહ્યું, 'સંધ્યા, પહેલા આઈસ્ક્રીમ ખાઈ લઈને પછી ફૉર્મ ભરવા બેસીએ કેમ?'

'હા, એમ જ કરીએ.'

નોકરી માટેનું ફોર્મ ભરાઈ ગયું. સ્પીડ પોષ્ટ કરી બંને ઘેર ગયા. સંધ્યા અને દેવાને આવતાં જોઈ તેના મમ્મીએ પૂછ્યું, 'દેવાભાઈ, ફૉર્મ ભરાઈ ગયું?'

'હા, માસી, પોસ્ટ પણ કરી દીધું.'

સંધ્યાના મમ્મી પાણીનો ગ્લાસ દેવાના હાથમાં આપતાં કહ્યું, 'દેવાભાઈ, તમારા આશ્વાસનના શબ્દોથી અમારા જીવનમાંથી હતાશા દૂર થઈ ગઈ. અમને જીવન જીવવાની હિંમત મળી ગઈ.'

પછી દેવાએ સંધ્યાના મમ્મીના હાથમાં વીસ હજાર રૂપિયા આપતા કહ્યું, 'માસી આ વીસ હજાર રૂપિયા રાખો. તેમાંથી તમે મકાન માલિકને પાંચ માસનું ભાડું આપી દેજો અને બાકીના પૈસા હાથખર્ચ માટે રાખજો.'

(અનુસંધાન પાના નં. ૭ પર)


## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૭મી મે**

વિરલ સાહિત્યકાર પન્નાલાલ પટેલનો જન્મદિન

માનવીની ભવાઇ, મળેલા જીવ, વળામણાં જેવી સાહિત્યકૃતિઓનાં



સર્જક વિરલ સાહિત્યકાર પન્નાલાલ પટેલનો જન્મ ૭-૫-૧૯૧૨.

ગુજરાતી સાહિત્યને ગૌરવવંતુ બનાવનાર પન્નાલાલ પટેલ ૧૯૫ જેટલી સાહિત્ય કૃતિઓ આપી ગુજરાત સાહિત્યને વિશ્વ સાહિત્યમાં સ્થાન આપ્યું. સાવ ઓછું ૮ ચોપડી ભણેલાં પન્નાલાલ સાહિત્ય જગતનો ચમત્કાર છે.

- વૈજ્ઞાનિક એડવર્ડ જેનરનો જન્મદિન - ૧૭૪૯.
- સૈયદ અઝીમુદ્દીન ફકરુદીન - પત્રકાર સામાજિક કાર્યકરનું અવસાન - ૧૯૭૨.
- કોલાબા ટર્મિનસની કાફેટ માર્કેટ સુધીની ભારતની પહેલી ઇલેકટ્રીક ટ્રામ મુંબઇમાં શરૂ થઇ - ૧૯૦૭.